ગુજરાત સરકાર
નર્મદા અને જળ સંપત્તિ વિભાગ

ઠરાવ ક્રમાંક:સીએમઇ-૧૦૯૫-૨૯-પી.
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૨૯-૩-૯૭

સંદર્ભ:- સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: સીએમઇ-૧૦૯૫-૨૯-પી.તા. ૨૦-૮-૧૯૯૬

આ મુ ખ:-

આદિવાસી ખેડૂતોને સિંચાઇ માટે વિશિષ્ટ સગવડો મળી રહે તે હેતુથી સંદર્ભ હેઠળનો ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. સદર ઠરાવના મુદ્દા(૧) નું અર્થઘટન વિવિધ વિભાગો/અધિકારીઓ/ઇસમો દ્વારા અલગ અલગ કરવામાં આવે છે. આ બાબતે સ્પષ્ટતા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સુધારો/સ્પષ્ટતા:- પુખ્ત વિચારણાને અંતે તા. ૨૦-૮-૯૬ ના ઠરાવમાં નીચે મુજબના સુધારા અને સ્પષ્ટતાઓ કરવામાં આવે છે.

(૧) તા. ૨૦-૮-૯૬ નો ઠરાવની વિષયની બાંધણી ''આદિવાસી ખેડૂતોને સિંચાઇનું પાણી મફત આપવા બાબત'' રાખી છે તેના બદલે હવે તે ''આદિવાસી ખેડૂતોને સિંચાઇ માટે વિશિષ્ટ સગવડ'' એ પ્રમાણે વાંચવું.

(૨) તા.૨૦-૮-૯૬ ના ઠરાવનો મુદ્દા(૧) જળ સંપત્તિ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ/કરનાર અને જેની જાળવણી અને મરામત વિભાગ દ્વારા કરવામાં આવે છે/ કરનાર છે. તેવી સિંચાઇ યોજનાઓની નહેરો દ્વારા આદિવાસી ખેડૂતોને અપાતા/અપાનાર પાણી માટે લાગુ પડતો નથી. એટલે કે જે યોજના સરકારી ખર્ચે તૈયાર કરાઇ છે/ કરનાર છે અને જેની મરામત અને જાળવણી સરકાર (જ.સં.વિ) કરે છે/કરનાર છે, તેવી તમામ સિંચાઇ યોજનાઓમાંથી આદિવાસીઓ કે અન્ય ઇસમો ને અપાતા/અપાનાર પાણીનો ચાર્જ આકારવાનો રહે છે.

(૩) તા. ૨૦-૮-૯૬ ના ઠરાવનો મુદ્દા નં.(૧), તેજ ઠરાવના મુદ્દા નં.(૨) અને (૩) અન્વયે તૈયાર થનાર ઉદ્વહન સિંચાઇ યોજના દ્વારા લેવામાં આવનાર પાણી માટેજ લાગુ પડે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

31 MAR 1997

(પી.એમ. પટેલ)
ખાસ ફરજ પરના અધિકારી(સિં.
નર્મદા અને જળ સંપત્તિ વિભાગ.